# ભારતીય જનતા પક્ષ

કેન્દ્રીય કાર્યાલય

11, અશોક રોડ, નવી દિલ્હી-110001

ફોનઃ 011-23005700, ફેક્સઃ 011-23005787

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

ભારતીય સંસદ પર વર્ષ 2001માં થયેલા હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંના એક એવા અફઝલ ગુરુને ફાંસી આપવા બાબતે જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન શ્રી ઉમર અબ્દુલ્લાએ મોડેથી વ્યક્ત કરેલી વધારાની પ્રતિક્રિયાની ભાજપે ઝાટકણી કાઢી છે.

શ્રી ઉમર અબ્દુલ્લાએ પ્રસાર માધ્યમોમાં ઝેર ઓકતા ઈન્ટરવ્યુમાં અફઝલ ગુરુ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવાનું શરુ કર્યું છે. તેમણે અફઝલ ગુરુને 43 વર્ષનો યુવા ગણાવ્યો છે. શું ઉમર એ ભૂલી ગયા કે સંસદ પર થયેલા હુમલામાં માર્યા ગયેલા નવમાંથી છની વય અફઝલથી ઓછી હતી.

ઉમરે સનસનાટીભરી મુલાકાતમાં જણાવ્યું હતું કે ચુકાદો પરિસ્થિતિજન્ય પુરાવાઓ પર આધારિત હતો. સમાજના સામુહિક અંતઃકરણને સંતુષ્ટ કરવા અફઝલને ફાંસી આપવામાં આવી. ઉમરે આવું કહીને સુપ્રીમ કોર્ટના આદેશને પડકાર્યો છે. તેઓ એ ભૂલી ગયા કે સુપ્રીમ કોર્ટે 4 ઓગસ્ટ, 2005ના રોજ 271 પાનાંના ચુકાદામાં કહ્યું હતું કે સંસદ પરના હુમલાના ગુનાહિત ષડયંત્રમાં અફઝલ ગુરુની સંડોવણી અંગે લેશમાત્ર શંકા નથી. પુરાવા જોતા જણાય છે કે હુમલો કરવામાં સીધી સંડોવણીને બાદ કરતાં અફઝલે ક્રૂર મિશનમાં આડકતરી રીતે તમામ મદદ કરી હતી.

ઉમરે મુલાકાતમાં કાશ્મીરની ખીણના રહેવાસીઓમાં અલગ પડી ગયાની ભાવના વ્યક્ત કરવાની જે ચર્ચા કરી તે હકીકતમાં કાશ્મીરની ખીણના મુસ્લિમ સમાજના અપમાન સમાન છે. આ બાબત મુસ્લિમોને આતંકવાદીઓ અને દેશદ્રોહી તત્ત્વોની કક્ષામાં મૂકવા સમાન છે.

ઉમરે એવો દાવો કર્યો છે કે કાશ્મીરમાં નવી પેઢીની ઓળખ અફઝલ ગુરુથી થશે. આ દાવો અત્યંત ગંભીર બાબત છે. ઉમરે આવું કહીને  કાશ્મીરી યુવકોનું અપમાન કર્યું છે. ભાજપ તેની આકરામાં આકરા શબ્દોમાં ઝાટકણી કાઢે છે. વાસ્તવમાં કાશ્મીરી યુવાપેઢી પોતાની ઓળખ ક્રિકેટર પરવેઝ રસુલ અને આઈએએસ ટોપર શાહ ફૈઝલ જેવી બનાવશે, અફઝલ ગુરુ જેવી નહિ.

ભાજપ એવી માગણી પણ કરે છે કે કોંગ્રેસે એ બાબત સ્પષ્ટ કરવી જોઈએ કે પોતે ઉમરની આ વાતો સાથે સહમત છે કે કેમ, કારણ ઉમરનો પક્ષ યુપીએમાં સહયોગી પક્ષ છે.

**અલ્હાબાદમાં નાસભાગ**

ભાજપે મહાકુંભ મેળા દરમિયાન અલ્હાબાદમાં મચેલી નાસભાગ દરમિયાન 40 યાત્રાળુઓના મોત થવા બાબતે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. ભાજપે મૃતકોના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે અને તે કમનસીબ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત યાત્રાળુઓ વહેલી તકે સ્વસ્થ થઈ જાય એવી શુભકામના વ્યક્ત કરી છે.

ભાજપે કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા એકબીજા પર દોષનો ટોપલો ઢોળવાની બાબતની પણ ટીકા કરી છે. આ દુર્ઘટના માટે રેલવે મંત્રાલય અને ઉત્તર પ્રદેશ સરકાર બંને જવાબદાર છે, કારણ કે મૌની અમાસ નિમિત્તે ભારે ભીડ જામવાની આશા હતી જ.

આ નાસભાગ એ બાબતની યાદ અપાવે છે કે સરકાર આવી દુર્ઘટનાઓ થતી અટકાવવા અગમચેતીના પગલાં લેવામાં નાકામિયાબ નિવડી છે.

સૌથી મોટો પડકાર એ છે કે દેશભરમાં દુર્ઘટની રહિત તીર્થયાત્રા માટે વિશ્વસનીય અને આસાન યોજનાઓ ઘડવામાં આવે.
ભાજપ એવી માગણી કરે છે કે આ દુર્ઘટનાની નિષ્પક્ષ તપાસ યોજવામાં આવે અને મૃતકોના પરિવારજનોને તાત્કાલિક વળતર ચૂકવવામાં આવે.

**<u>પર્યાવરણ સંલગ્ન લાઈસન્સરાજ</u>**

યુપીએ સરકારના શાસનકાળમાં પર્યાવરણ સંલગ્ન પરવાનગી આપવામાં ઈન્સ્પેક્ટર રાજ અને લાઈસન્સ રાજ ફરી આવ્યું છે.
સરકારે વિકાસના તમામ પ્રોજેક્ટોને ઝડપથી મંજૂરી આપવા રાષ્ટ્રીય મૂડીરોકાણ બોર્ડની રચના કરી છે. પરંતુ હકીકતમાં પર્યાવરણની પરવાનગી તેમાં અડચણરૂપ બની રહી છે. વડા પ્રધાન કચેરી અને પર્યાવરણ મંત્રાલયની ખાતરી છતાં ઉદ્યોગ જગતે નવા પર્યાવરણ સંલગ્ન લાઈસન્સરાજનો સામનો કરવો પડે એવી હાલત છે.
આ બાબત દેશના ઝડપી વિકાસના હિતમાં નથી. સરકાર આ બાબતે વિવિધ દિશાઓમાં ઝડપથી આગળ વધી રહી છે અને તેના કારણે અડચણો વધી છે. આ મામલે સરકારે સંલગ્ન વિવિધ અંગો વચ્ચે સર્વસંમતિ સાધવાની જરૂર છે. જેથી ભારતીય નિકાસની સ્પર્ધામાં અસરકારક બની ગયેલા આંતરરાષ્ટ્રીય દબાણથી બચી શકાય.

(ઓ.પી. કોહલી)
હેડક્વાર્ટર ઈન્ચાર્જ